જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૦/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૧૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૭૬ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૮૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૧૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૫૧૩/૨૦૨૫**

ઘાટલોડીયાઃ દીશા ડો/ઓ રમેશભાઈ સુથાર (ઉ.વ.૨૨) (રહે. હીરાબાગ સોસાયટી વિભાગ–૦૨ સાઈ બાબા મંદીર પાસે, અલ્કાપુરી સોસાયટી સામે, કર્મચારીનગર ચાર રસ્તા, ઘાટલોડીયા) એ તા.૨૫/૧૦/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે અજાણતા અનાજ ના બગડે તેની દવા મિલાવેલ તલના ડબ્બામાંથી તલ ખાતા ઉલ્ટીઓ થતા સારવાર માટે તેમને ગુરુકૃપા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૧૦/૨૦૨૫ રાતના ૧૧/૫૬ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિનેશકુમાર વિશ્વનાથ ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૫૧૪/૨૦૨૫**

માધવપુરાઃ કમળાબહેન વા/ઓ રમેશચંદ્ર મકવાણા (ઉ.વ.૭૪) (રહે. સુતરીયા સોસાયટી શાહપુર દરવાજા બહાર માધવપુરા) તા.૧૮/૧૦/૨૦૨૫ સાંજના ૦૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પુજા કરવા માટે દિવો પ્રગટાવી બાજોટ ઉપર મુકેલ તે વખતે પહેરેલ સાડી દીવાની જ્યોતને અડી જતા સાડી સળગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૧૦/૨૦૨૫ રાતના ૦૯/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.યુ.ગંડેચા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૫૧૫/૨૦૨૫**

ગોમતીપુરઃ અજયકુમાર કલ્યાણભાઈ કથિરીયા (ઉ.વ.૩૧) (મુળ વતન. સ્વામિનારાયણ મંદિરની શેરી ગોરખવાળા મોટો તા,જી–અમરેલી) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૦/૨૦૨૫ રાતના ૧૧/૩૮ વાગ્યાના સુમારે ગોમતીપુર ગોકુલ હોટેલ પાછળ શ્રીજી એસ્ટેટ ખાતે શ્રીજી એસ્ટેટના ગ્રાઉન્ડ ફ્લોરમાં બીંબ સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો શ્રી અનિલભાઇ સોનજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી